**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૭ ટકા

# સરિતા ઉદ્યાન સુધી વસંતોત્સવ વિસ્તર્યો

## સંસ્કૃતિકુંજમાં હસ્તકલાની ચીજવસ્તુઓના સ્ટોલ તથા રાજયોના લોકનૃત્યો યોજાશે જયારે સરિતા ઉદ્યાનમાં ફૂડ સ્ટોલ અને ડાયરો જેવા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના જ માર્ગ પર સાબરમતી નદીના કિનારે સંસ્કૃતિકુંજમાં દર વર્ષે વસંતોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તેમાં થોડોક ફેરફાર કરી વસંતોત્સવનું વિસ્તરણ સરિતા ઉદ્યાન સુધી કરવાનો નિર્ણય લેવાયો છે. સરિતા ઉદ્યાનમાં ફૂડકોર્ટને ખસેડવામાં આવશે. આ ઉપરાંત અહીં ડાયરો જેવા ગુજરાતી ફલેવરવાળા કાર્યક્રમો દૈનિક ધોરણે યોજાશે જયારે સંસ્કૃતિકુંજમાં લોકનૃત્યો અને હસ્તકલાના સ્ટોલ્સ યોજાશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી માસમાં સાબરમતી નદીના કોતરોમાં બનાવાયેલા સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ૨૫ ફેબ્રુઆરીથી ત્રણ માર્ચ દરમયાન વસંતોત્સવનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે પણ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, આસામ, ગોવા, પશ્ચિમ બંગાળના કલાકારોના ગ્રુપ વિવિધ લોકનૃત્યો રજૂ કરશે. આ ઉપરાંત વિવિધ રાજયોના હસ્તકલા કારીગરીના કલાકારોના સ્ટોલમાં મુલાકાતીઓને વિવિધ ચીજવસ્તુઓ મળી રહેશે. આ વર્ષે આયોજનમાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. સરિતાઉદ્યાનમાં પણ વસંતોત્સવનો વિસ્તાર કરવામાં આવશે. હજુ થોડાક સમય પહેલા જ સરિતા ઉદ્યાનનં નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેને કમ્પાઉન્ડ વોલ દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યું છે. આ વર્ષે ફુડસ્ટોલ અહીં ખસેડવામાં આવશે. અહીં ડાયરા, ગુજરાતી લોકનૃત્યો જેવા સ્થાનિક કાર્યક્રમો પણ યોજાશે.

ગુજરાતના આદિવાસી નૃત્યો તથા રાસ ગરબા માટે પણ આ વર્ષે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. દરોજ ગુજરાતના વિવિધ પ્રાંતના ગરબા અને લોકનૃત્યોનો આનંદ પણ અહીં યોજવામાં આવશે.





રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા મહિલા માટે શકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ 'સ્વ પ્રેમથી પરિવાર પ્રેમ' વિષય પર તજજ્ઞ વકતાઓ સર્વશ્રી મનિષ રાવલ, દિપક તૈરયા અને ઉમા તૈરયાએ રસપ્રદ ઉદાહરણો સાથે અસરકારક વકતવ્યો આપ્યા હતા. ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા તથા નિવૃત સનદી અધિકારી ડી.એન. પાંડેએ દિપ પ્રાગટય કર્યું હતું.

# સેકટર-૨૧ ખાતે રાત્રીના સમયે મારામારી થતા નાસભાગ મચી

## નાના ભાઈના મિત્રોને ઠપકો આપવાનું ભારે પડ્યું, સે-૨૪ ના ભાઈઓ પર ૧૦ ઈસમોએ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે ગતરોજ રાત્રીના સુમારે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. મારામારીને પગલે સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો હતો. ત્યારે નાના ભાઈના મિત્રોને ઠપકો આપતા સેકટર-૨૪ ના બે ભાઈઓ પર ૧૦ જેટલા શખ્સોએ લોખંડની પાઈપ અને ધોકાઓ વડે મારમાર્યો હતો. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે રાયોટીંગની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૨૪ ડબલ ડેકર ગુ.હા.બોર્ડ ખાતે રહેતા અઝહરુદીન કમરુદિન કુરેશી (ઉં.વ.૩૦),એ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેનો ભાઈ ગુલામ હુસૈન શુક્રવારના રોજ સાંજે સે-૨૩ લગ્નવાડી સામે આવેલી શોંપીગ પાસે નાના ભાઈ રજાકના મિત્રોને સમજાવવા ગયો હતો. તેણે રજાકને પોતાની સાથે ન બેસાડવા માટે તેના મિત્રોને ઠપકો આપતા રજાકના મિત્રો વિરેન્દ્રસિંહ મકવાણા, જલકસિંહ ઝાલા (ઉં.વ.૨૪), અને અન્ય ત્રણ જેટલા શખ્સોએ ગુલામહુસેનને ગડદાપાટુનો માર માર્યો હતો. જેમાં વિરેન્દ્રસિંહને કપાડના ભાગે ધોકો માર્યો હતો. જો કે તેઓ નાના ભાઈ રઝાકના મિત્રો થતા હોવાથી તે સમયે તેઓએ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. ગુલામને સિવિલ હોસ્પિટલ મોકલીને ફરીયાદી અઝરૂદિન અને રજાક સેકટર-૨૧ બેંક ઓફ બરોડા સામે ચા ની કીટલી ખાતે ચા પીવા માટે ગયા હતા.રાત્રીના સાડાબાર વાગે તેઓ ચા પીને નીકળી રહ્યા હતા તે સમયે રઝાક સે-૩૦ ખાતે રહેતા મિત્રો મુન્નીરાજ ચૌહાણ, અંકિત સોલંકી, રાજુ બોડાત, અજય વાદી, સહિત અન્ય પાંચ શખ્સો સામે મળ્યા હતા. જેઓએ બંન્ને ભાઈઓ પર લોખંડની પાઈપો અને ધોકા વડે હુમલો કર્યો હતો. આ ઝઘડામાં ફરીયાદીનો સોનાનો દોરો, અને ખિસ્સામાં રહેલા રૂપીયા કયાંક પડી ગયા હતા. ફરીયાદીને માથાના ભાગે ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. આ કિસ્સામાં ૬ નાગરીકો સામે નામજોંગ અને ૬ વ્યકિત સામે રાયોટીંગનો ગુનો નોંધાયો છે.

# કલ્પતરૂ કંપનીઓના દરેક કર્મચારી માટે બર્થ ડે કેક કટીંગ કરે છે

ગાંધીનગર, તા.૮

ભારતની આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કલ્પતરૂ કંપની એમના કર્મચારી માટે અનેક ખુશીઓ લાવે છે. એ પૈકી કલ્પતરૂ એના દરેક કર્મચારીને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' કહીને બર્થ ડે ગ્રીટીંગ કાર્ડ આપે છે અને દર મહિનાની પહેલી તારીખે એ મહિનામાં આવતા કર્મચારીઓના હસ્તે બર્થ ડે કેકનું કટીંગ કરવામાં આવે છે. વિશેષ એટલે એ પૈકી એકને લકી ડ્રો દ્વારા ફિલ્મની કપલ ટીકીટ પણ ભેટ આપી એનો બર્થ ડે યાદગાર બનાવાય છે.

કલ્પતરૂ કંપનીના ચેરમેન મોફતરાજ મુનોત અને એમડી મનીષ મોહનોતના વિઝનથી આજથી સાત વર્ષ પૂર્વે ગાંધીનગર કલ્પતરૂ ખાતે માસિક બર્થ ડે સેલિબ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું. અત્યારે હાલ તો કંપની એચઆર



પ્રિસીડેન્ટ એમ.એ. બારૈયાના માર્ગદર્શન હેઠળ કલ્પતરૂની દેશ વિદેશમાં જયાં પણ ઓફિસ છે અને કર્મચારી છે ત્યાં એમનો જન્મદિવસ ઉજવાય છે. કોઈ એક કાર્ય શરૂ કરી અને સળંગ સાત વર્ષ એટલે કે ૮૪ મહિનાથી અવિરત સેલિબ્રેશન કરી અને એમાં પણ નવીનતા ઉમેરી આ ઉત્સાહભેર સેલિબ્રેશન થાય છે.

આ બર્થ ડે સેલિબ્રેશન એમ્પ્લોય એંગેજમેન્ટ કમિટી દ્વારા થાય છે. સાત્વિક ત્રિવેદી, સંજય થોરાત, નિકુંજ શુકલ, પરેશ મિસ્ત્રી, ભૂમિકા શર્મા, ઉત્કર્ષ ત્રિવેદી, પિંકી પટેલ, કેતન પટેલ, પ્રાચી સોલંકી શુકલ, મહેન્દ્રવ વૈદ્ય, વિશાલ શાહ, મહેન્દ્ર પટેલ, બિનીશ નાયર અને રિતિક ભંડારી જેવા સભ્યો દ્વારા કંપનીના કર્મચારીઓ માટે આવા અનેક સોલિબ્રેશન ઉજવાય છે. કલ્પતરૂ એક માત્ર એવી કંપની છે જે એના દરેક કર્મચારીને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' કરીને એમના હસ્તે બર્થ ડે કેક કટીંગ કરાવે છે.

# સે-૩ ન્યુ વસાહત મંડળની રજુઆતને ધ્યાને લઈ આરટીઓ કચેરી દ્વારા ગેટ બંધ કરાયો



ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે કાર્યરત આરટીઓ કચેરી દ્વારા સેકટરના રહેણાંક વિસ્તાર તરફનો દરવાજો ખોલી નાંખવામાં આવતા વાહનો સેકટરોની આંતરીક ગલીઓમાંથી પસાર થઈ રહ્યા હતા. વાહનોની અવર-જવર અને હોર્ન વાગતા રહીશો ત્રાહીમામ પોંકારી ગયા હતા. આ માર્ગ ને પગલે નજીક રહેતા પરિવારોને પારાવાર મુશ્કેલી વધી ગઈ હતી. સ્થાનિક રહીશોની રજુઆતને ધ્યાને લઈ સેકટર-૩ ન્યું વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા અને તેમની ટીમના સભ્યોએ આર.ટી.ઓ.ઓફિસના અધિકારી સાથે મુલાકાત કરી વાતચીત કરીને આ સમસ્યાનું સમાધાન લાવ્યા હતા. આરટીઓ કચેરી દ્વારા માર્ગ બદલવાની વાતની સંમતિ સધાઈ હતી.



વૃક્ષોની ડાળીઓનું નિયમિત ટ્રીમીંગ કરવું જરુરી છે. વરસાદી સીઝનમાં ફેલાયેલી વૃક્ષોની ડાળીઓ વાહનચાલકોને નડતરરૂપ રહે છે. જો તેમનું નિયમિત કટીંગ અને ટ્રીમીંગ કરવામાં ન આવે તો અકસ્માતનો ભય રહે છે. ચ-૦ થી કોબા સુધીના માર્ગે ફોરેસ્ટના કર્મચારીઓ વૃક્ષોનું ટ્રીમીંગ કરી રહ્યા છે.



# કુડાસણમાં આગામી માર્ચ મહિનામાં નવી પોસ્ટ કચેરી શરૂ કરાશે

ગાંધીનગર તા ૮

કુડાસણમાં નવી પોસ્ટ કચેરી આગામી માર્ચ મહીના સુધીમાં શરૂ કરી દેવાશે. ગાંધીનગરમાં આજે યોજાયેલા ડાક અદાલતમાં સે-૬ ની પોસ્ટ કચેરીના મકાનને સુવિધાયુક્ત બનાવવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. ડાક અદાલત દરમિયાન પોસ્ટ કચેરી સાથે સંકળાયેલા ગ્રાહકોના વિવિધ પ્રશ્નો અંગે પણ રજુઆત કરવામાં આવી હતી. પોસ્ટના અધિકારીઓએ પણ આ પ્રશ્નો સાંભળી તેના નિરાકરણ માટે ખાત્રી આપી હતી.

ગાંધીનગરમાં પોસ્ટ કચેરીઓ સાથે સંકળાયેલા વિવિધ ગ્રાહકલક્ષી પ્રશ્નો અંગે આજે ડાક અદાલતમાં રજુઆત કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગુડા વિસ્તારમાં ટપાલ વ્યવસ્થા ખોરવાયેલી છે. જયારે સ્થાનિક નાગરિકોને ટપાલ મળતી જ ન હોવાની રજુઆત પણ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં ટપાલ વિભાગના અધિકારી કે બી સિસોદીયા, એમ એમ પ્રજાપતિ તેમજ હિરલબેને રજુઆતનો સંતોષકારક જવાબ આપ્યો હતો. પોસ્ટ અધિક્ષકે જણાંવ્યુ હતુ કે આગામી માર્ચ મહીનાના અંત સુધીમાં કુડાસણ ખાતે પોસ્ટ કચેરી શરૂ કરી દેવાશે. જયારે સાંસદ અમિત શાહની દરમિયાનગીરીથી ગોતા ગાર્ડન સીટી વિસ્તારમાં પણ ટપાલ સેવા શરૂ કરી દેવાશે. મહામંડળના કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, બાબુલાલ મેસરવાલાએ પણ નગરની પોસ્ટ કચેરી સાથે જોડાયેલા પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. આ દરમિયાન સે-૬ માં પોસ્ટ કચેરીનુ સરનામુ બદલાયુ છે. સેકટરના બ્લોક નં-૮૮:૧ જ કક્ષામાં કાર્યરત કચેરીના નવા મકાનને વધુ સુવિધાયુક્ત બનાવવા પણ જણાંવાયુ છે. જયારે પોસ્ટ કચેરીના સર્વર અંગેની ફરિયાદો પણ રજુ થઈ હતી. જે અંગે પણ યોગ્ય પગલા લેવાની ખાત્રી આપવામાં આવી હતી. આ ઉપરાંત સબ પોસ્ટ ઓફિસમાં રહેતી રોકડમાં વધારો કરવા પાસબુક પ્રિન્ટીંગ મશીન અદ્યતન કરવા સહીતના મુદ્દે પણ રજુઆત કરવામાં આવી હતી. જયારે ડો જીવરાજ મહેતા ભવન ખાતે આર એમ એસ કચેરીમાં પોસ્ટ સ્ટેશનરી મળતી બંધ થઈ હોવાનુ પણ રજુઆત કરવામાં આવી હતી. જયારે આ સેવા પણ તાત્કાલિક શરૂ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલમાં પોસ્ટ બોક્ષ યોગ્ય જગ્યાએ ગોઠવવા માટે રજુઆત કરવામાં આવી હતી.

**સે-૬ માં પોસ્ટ કચેરીના મકાનને સુવિધાયુક્ત બનાવવા પણ ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળની રજુઆત : ડો જીવરાજ મહેતા ભવન ખાતે પોસ્ટલ સ્ટેશનરી મળે તેવી ટુંકમાં વ્યવસ્થા ગોઠવાશે**

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેક્ડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન**
૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩**
૭.૦૦
**તાન્હાજી**
૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેક્ડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેક્ડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

### સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩નો છઠ્ઠો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા છઠ્ઠો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાશે. સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે યોજાનાર યજ્ઞોપવિત સમારોહમાં કુલ ૩૦ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર અપાશે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ થી ૮.૩૦ દરમિયાન રાસ ગરબા ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સંગીત સંધ્યા યોજાશે. તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૬ વાગ્યે ગણેશ સ્થાપન, ૬.૩૦ વાગ્યે મંડપ મુહુર્ત, ગ્રહશાંતિ સવારે ૭ વાગ્યે, યજ્ઞોપવિત સંસ્કાર ૭.૩૦ કલાકે અને બટુકયાત્રા બપોરે ૨ વાગ્યે યોજાશે. આ સમારંભમાં પૂર્વ ગુડા ચેરમેન આશિષભાઈ દવે અને ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર સાથે સમાજ અને શહેરના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

### અરવિંદ કેન્દ્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ અરવિંદ કેન્દ્ર દ્વારા શતાબ્દિ વર્ષ નિમિતે તા.૯-૨-૨૦ ના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સાંજે ૫.૩૦ થી ૮.૩૦ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, લોકગીતો, ભાવગીતો રજુ કરવામાં આવશે.આ કાર્યક્રમનું સંચાલન પિનાકીનભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે સૌ નગરજનોને હાજર રહેવા અને કાર્યક્રમનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ સી.કે.તન્નાએ અનુરોધ કર્યો છે.